## પશ્ચાતાપ નો ક્રમ નં. ૧ :-

| | |
|---|---|
| ૦૧ નવકાર મંત્ર | પાંચ વખત |
| ૦૨ ખામેમિ સવ્વ જીવે | પાંચ વખત |
| ૦૩ શ્રી ઘંટાકર્ણ મહાવીર સ્તોત્ર | પાંચ વખત |
| ૦૪ વંદો પાંચો પરમ ગુરુ | એક વખત |
| ૦૫ કીધાં હશે કુકર્મ દેહે તમ પ્રતિ આ વરસમાં | એક વખત |
| ૦૬ અહો! અહો! શ્રી સદગુરુ કરુણા સિંધુ અપાર | એક વખત |
| ૦૭ અહો દેવના દેવ, હે! વિશ્વ સ્વામી | એક વખત |
| ૦૮ કેવળ કરુણા મૂર્તિ છો અને | પાંચ વખત |
| પડી પડી તુજ પદ પંકજે – (બન્ને સાથે) | |
| ૦૯ હું કેવળ પશ્ચાતાપથી દિલ દહુ છૂં | પાંચ વખત |
| ૧૦ આધિ વ્યાધિ ઉપાધિને હરો તંત તોફાન | પાંચ વખત |
| ૧૧ ક્ષમાપના નો પાઠ - ગદ્ય | પાંચ વખત |

૧. **ૐ નવકાર મંત્ર (પાંચ વાર)**

ૐ નમો અરિહંતાણં
ૐ નમો સિદ્ધાણં
ૐ નમો આયરિયાણં
ૐ નમો ઉવજ્ઝાયાણ
ૐ નમો લોએ સવ્વસાહુણં — પાંચ વાર

એસો પંચ નમુક્કારો, સવ્વ પાવ પણાસણો; મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલમ્ । (એક વાર)

૨. **ખામેમિ સવ્વજીવે (પાંચ વાર)**

खामेमि सव्व जीवे, सव्वे जीवा खमंतु मे ।
मित्ती मे सव्व भूएसु, वेरं मज्झं न केणइ ।।

૩. **ઘંટાકર્ણ સ્તોત્ર (પાંચ વાર)**

**ૐ ઘંટાકર્ણ મહાવીરઃ સર્વ વ્યાધિ વિનાશકઃ ।**
**વિસ્ફોટક ભયં ઘોરં રક્ષ રક્ષ મહાબલઃ ।।**
**યત્ર ત્વં તિષ્ઠસિ દેવ! લિખિતોક્ષર પંક્તિભિઃ ।**
**રોગાસ્તત્ર પ્રણશ્યન્તિ, વાત્-પિત્ત-કફોદ્ભવા ।।**
**તત્ર રાજ-ભયં નાસ્તિ, યાન્તિ કર્ણે જપાત્ક્ષયં ।**
**શાકિની ભૂત વૈતાલા, રાક્ષસા પ્રભવન્તિ ન ।।**
**ના કાલે મરણં તસ્ય, ન ચ સર્પેણ દશ્યતે ।**
**અગ્નિ ચોર ભયં નાસ્તિ નાસ્તિ તસ્યાપરિ ભયં ।।**
**ૐ હ્રીં શ્રીં ઘંટાકર્ણો નમોસ્તુ તે ।**
**ઠઃ ઠઃ સ્વાહા ।।**

૪. **વંદો પાંચો પરમગુરુ (૧ વાર)**

વંદો પાંચોં પરમગુરુ ચોવીસો જિનરાજ;
કહૂં શુદ્ધ આલોચના, શુદ્ધિકરન કે કાજ. ૧
સુનિયે જિન અરજ હમારી, હમ દોષ કીયે અતિ ભારી;
તિનકી અબ નિવૃત્તિ કાજા, તુમ શરન લહી જિનરાજા. ૨
ઇક બે તે ચઉ ઇન્દ્રી વા, મન-રહિત-સહિત જે જીવા;
તિનકી નહીં કરુના ધારી, નિરદઈ હ્વ ઘાત વિચારી. ૩
સમરંભ સમારંભ આરંભ, મન વચ તન કીને પ્રારંભ;

કૃત કારિત મોદન કરીકૈં, ક્રોધાદિ ચતુષ્ટય ધરિકૈં. ૪
શત આઠ જુ ઇમ ભેદનતૈં, અઘ કીને પર છેદનતૈં;
તિનકી કહું કોલૌં કહાની, તુમ જાનત કેવલજ્ઞાની. ૫
વિપરીત એકાંત વિનયકે, સંશય અજ્ઞાન કુનયકે;
વશ હોય ઘોર અઘ કીને, વચતૈં નહિ જાત કહીને. ૬
કુગુરુનકી સેવ જુ કિની, કેવલ અદયાકર ભીની;
યા વિધિ મિથ્યાત ભ્રમાયો; ચહું ગતિમધિ દોષ ઉપાયો. ૭
હિંસા પુનિ જુઠ જુ ચોરી, પરવનિતાસોં દગ જોરી;
આરંભ પરિગ્રહ ભીનો, પન પાપ જુ યા વિધિ કીનો. ૮
સપરસ રસના ઘ્રાનનકો, ચખ કાન વિષય સેવનકો;
બહુ કરમ કીયે મનમાને, કછુ ન્યાય અન્યાય ન જાને. ૯
ફલ પંચ ઉદંબર ખાયે, મધુ માંસ મદ્ય ચિત્ત ચાહે,
નહિ અષ્ટ મૂલગુણધારી, વિસન જુ સેયે દુખકારી. ૧૦
દુઈબીસ અભખ જિન ગાયે, સો ભી નિશદિન ભુંજાયે;
કછુ ભેદાભેદ ન પાયો, જ્યોં ત્યોં કર ઉદર ભરાયો. ૧૧
અનંતાન જુ બંધી જાનો, પ્રત્યાખ્યાન અપ્રત્યાખ્યાનો;
સંજ્વલન ચૌકરી ગુનિયે, સબ ભેદ જુ ષોડશ મુનિયે. ૧૨
પરિહાસ અરતિ રતિ શોગ, ભય ગ્લાનિ તિવેદ સંજોગ;
પનવીસ જુ ભેદ ભયે ઈમ, ઈનકે વશ પાપ કીયે હમ. ૧૩
નિદ્રાવશ શયન કરાઈ, સુપનેમધિ દોષ લગાઈ;
ફિર જાગિ વિષય-વન ધાયો, નાનાવિધિ વિષફલ ખાયો. ૧૪
કિયે આહાર નિહાર વિહારા, ઈનમેં નહિ જતન બિચારા;
બિન દેખી ધરી ઉઠાઈ, બિન શોધી ભોજન ખાઈ. ૧૫
તબ હી પરમાદ સતાયો, બહુવિધિ વિકલપ ઊપજાયો;
કછુ સુદ્ધિ બુદ્ધિ નાહિં રહી હે, મિથ્યામતિ છાય ગઈ હૈ. ૧૬
મરજાદા તુમ ઢિંગ લીની, તાહુમેં દોષ જુ કિની;
ભિન ભિન અબ કૈસેં કહિયે, તુમ જ્ઞાનવિષં સબ પઇએ. ૧૭
હા! હા! મૈં દુઠ અપરાધી, ત્રસજીવનરાસિ વિરાધી;
થાવરકી જતન ન કીની, ઉરમેં કરુણા નહિ લીની. ૧૮
પૃથિવી બહુ ખોદ કરાઈ, મહલાદિક જાગાં ચિનાઈ;
બિનગાલ્યો પુનિ જલ ઢોલ્યો, પંખાતૈં પવન વિલોલ્યો. ૧૯
હા! હા! મૈં અદયાચારી, બહુ હરિત જુ કાય વિદારી;

યા મધિ જીવનકે ખંદા, હમ ખાયે ધરી આનંદા. ૨૦
હા! મેં પરમાદ બસાઈ, બિન દેખે અગનિ જલાઈ;
તા મધ્ય જીવ જે આયે, તે હૂ પરલોક સિધાયે. ૨૧
વિંધો અન્ન રાતિ પિસાયો, ઈંધન બિનસોધિ જલાયો;
ઝાડુ લે જાગાં બુહારી, ચિંટિઆદિક જીવ વિદારી. ૨૨
જલ છાનિ જીવાની કિની, સોહુ પુનિ ડારી જુ દિની;
નહિ જલથાનક પહુંચાઈ, કિરિયા બિન પાપ ઉપાઈ. ૨૩
જલ મલ મોરિનમેં ગિરાયો, કૃમિકુલ બહુ ઘાત કરાયો;
નદિયનિ બિચ ચીર ધુવાયે, કોસનકે જીવ મરાયે. ૨૪
અન્નાદિક શોધ કરાઈ, તામૈં જુ જીવ નિસરાઈ;
તિનકા નહિ જતન કરાયા, ગરિયારે ધૂપ ડરાયા. ૨૫
પુનિ દ્રવ્ય કમાવન કાજે, બહુ આરંભહિંસા સાજે;
કીયે તિસનાવશ ભારી, કરુના નહિ રંચ વિચારી. ૨૬
ઈત્યાદિક પાપ અનંતા, હમ કીને શ્રી ભગવંતા;
સંતતિ ચિરકાલ ઉપાઈ, વાનીતૈં કહિય ન જાઈ. ૨૭
તાકો જુ ઉદય જબ આયો, નાનવિધ મોહિ સતાયો;
ફલ ભુંજત જિય દુઃખ પાવે, વચતૈં કૈસે કરિ ગાવે. ૨૮
તુમ જાનત કેવલજ્ઞાની, દુઃખ દૂરો કરો શિવથાની;
હમ તૌ તુમ શરન લહી હૈ, જિન તારન બિરૂદ સહી હૈ. ૨૯
જો ગાંવપતિ ઈક હોવે, સો ભી દુખિયા દુઃખ ખોવૈ;
તુમ તીન ભુવનકે સ્વામી, દુઃખ મેટો અંતરજામી. ૩૦
દ્રૌપદીકો ચીર બઢાયો, સીતા પ્રતિ કમલ રચાયો;
અંજનસે કિયે અકામી, દુઃખ મેટો અંતરજામી. ૩૧
મેરે અવગુણ ન ચિતારો, પ્રભુ અપનો બિરૂદ નિહારો;
સબ દોષરહિત કરિ સ્વામી, દુઃખ મેટહુ અંતરજામી. ૩૨
ઈન્દ્રાદિક પદવી ન ચાહું, વિષયનિમેં નાહિં લુભાઊ;
રાગાદિક દોષ હરીજે, પરમાતમ નિજપદ દીજે. ૩૩

દોહા

દોષરહિત જિનદેવજી, નિજપદ દીજ્યો મોય;
સબ જીવનકૈ સુખ બઢૈ, આનંદ મંગલ હોય. ૩૪
અનુભવ માણિક પારખી, જૌહરી આપ જિનંદ;
યેહિ વર મોહી દીજીયે, ચરન શરન આનંદ. ૩૫

૫. <u>કીધાં હશે કુકર્મ દેહે (૧ વાર)</u>

કીધાં હશે કુકર્મ દેહે, તમ પ્રતિ આ વરસમાં,
છોડયાં હશે વળી વાક્ શસ્ત્રો, તમ પ્રતિ આ વરસમાં;
ચિંતવ્યું હશે બૂરું તમારું, મનમહિં આ વરસમાં,
દોષ અગણિત મમ થકી, એવા થયા આ વરસમાં.

દોષનો દેણદાર હું, દેવું પતાવા મરું મથી,
માફી મૂડી વિણ લાજ પ્રભુજી, હાથ મુજ રહેવી નથી;
બાંધવ બની બંધ વાળજો, હિસાબ એ મૂડી થકી;
જંજીર જડેલાં હાલ તોડો, કાલ મૃત્યુ છે નક્કી.

સ્મૃતિનું સરોવર જોઈએ તેવું નિર્મળ નહીં હોવાથી જન્મ પામેલી 'હશે' એવી ઉડાઉ કબૂલાત માફીની પરમ જિજ્ઞાસાને લેશ પણ ક્ષીણ કરતી નથી, એમ વિચારશો.
દોષના દાવાનલને બુઝાવનાર પરમ શીતલમય પર્વનો અદ્ભુત અનુભવ માત્ર દોષ રહિત વિરલાને જ થાય.
મમ જેવા રાંકને શું ?
એ જ નામું માંડી વાળવા વિનંતિ.

૬. <u>અહો અહો શ્રી સદ્ગુરુ (૧ વાર)</u>

અહો ! અહો ! શ્રી સદ્ગુરુ, કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર. ૧
શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સહુ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન. ૨
આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;
દાસ, દાસ હું દાસ છું, તેહ પ્રભુનો દીન. ૩
ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;
મ્યાન થકી તલવારવત્, એ ઉપકાર અમાપ. ૪
જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત ૫
પરમ પુરુષ પ્રભુ સદ્ગુરુ, પરમ જ્ઞાન સુખધામ;
જેણે આપ્યું ભાનનીજ, તેને સદા પ્રણામ. ૬

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીનાં ચરણમાં, હો વંદન અગણિત. ૭

૭. <u>અહો દેવના દેવ હે વિશ્વસ્વામિ (૧ વાર)</u>

અહો દેવના દેવ હે વિશ્વસ્વામી, કરું હું સ્તુતિ આપની શીશ નામી;
દયાળુ પ્રભુ આપદાથી ઉગારો, દીનાનાથ તું એક આધાર મારો.

પ્રભુ આપ છો સર્વને પાળનારા, તમે છો સદા સંકટો ટાળનારા;
કીધાં છે કરોડો તમે ઉપકારો, દીનાનાથ તું એક આધાર મારો.

અમે બાળકો બોલીએ હાથ જોડી, અમારી મતિ હે પ્રભુ છેક થોડી;
સદા આપજો આપ સારા વિચારો, દીનાનાથ તું એક આધાર મારો.

૮. <u>કેવળ કરુણામૂર્તિ છો (૫ વાર)</u>

કેવળ કરુણામૂર્તિ છો, દીનબંધુ દીનાનાથ,
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ;
પડી પડી તૂજ પદ પંકજે, ફરી ફરી માગું એ જ,
સદ્ગુરુ સંત સ્વરૂપ તૂજ, એ દઢતા કરી દે જ.

૯. <u>હું કેવળ પશ્ચાત્તાપ થી દિલ દહું છું (૫ વાર)</u>

હું કેવળ પશ્ચાત્તાપથી દિલ દહું છું,
મુજ કર્મજન્ય પાપની ક્ષમા ચાહું છું;
ૐ શાંતિ શાંતિ કરો કૃપાળુ શાંતિ,
ગુરુ રાજચંદ્ર જિન વચન હરો મમ ભ્રાંતિ.

૧૦. <u>આધિ વ્યાધિ ઉપાધિને.. (૫ વાર)</u>

આધિ વ્યાધિ ઉપાધિને, હરો તંત તોફાન,
કરુણાળુ કરુણા કરો, ભયભંજન ભગવાન.

૧૧. <u>ક્ષમાપના (એક વ્યક્તિ બોલે) (૫ વાર)</u>

હે ભગવાન! હું બહુ ભૂલી ગયો, મેં તમારા અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહીં. તમારાં કહેલાં અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહીં. તમારાં પ્રણીત કરેલાં ઉત્તમ શીલને મેં સેવ્યું નહીં. તમારાં

કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યા નહીં.

હે ભગવન્! હું ભૂલ્યો, આથડયો, રઝળ્યો અને અનંત સંસારની વિટંબનામાં પડયો છું. હું પાપી છું. હું બહુ મદોન્મત્ત અને કર્મરજથી કરીને મલિન છું.

હે પરમાત્મા! તમારાં કહેલાં તત્ત્વ વિના મારો મોક્ષ નથી. હું નિરંતર પ્રપંચમાં પડયો છું, અજ્ઞાનથી અંધ થયો છું, મારામાં વિવેકશક્તિ નથી અને હું મૂઢ છું, હું નિરાશ્રિત છું, અનાથ છું.

નીરાગી પરમાત્મા! હું હવે તમારું, તમારા ધર્મનું અને તમારા મુનિનું શરણ ગ્રહું છું. મારા અપરાધ ક્ષય થઈ હું તે સર્વ પાપથી મુક્ત થઉં એ મારી અભિલાષા છે. આગળ કરેલાં પાપોનો હું હવે પશ્ચાત્તાપ કરું છું. જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઉતરું છું, તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે. તમે નીરાગી, નિર્વિકારી, સત્‌ચિદાનંદસ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્યપ્રકાશક છો. હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું. એક પળ પણ તમારાં કહેલાં તત્ત્વની શંકા ન થાય, તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ!

હે સર્વજ્ઞ ભગવાન! તમને હું વિશેષ શું કહું? તમારાથી કંઈ અજાણ્યું નથી. માત્ર પશ્ચાત્તાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઇચ્છું છું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

(મોક્ષમાળા શિક્ષાપાઠ ૫૬)

૧૨. <u>અઢાર પાપસ્થાનક (એક વ્યક્તિ બોલે) (૧ વાર)</u> (બે સામાયિકનો સમય હોય તો બોલવું)

– અલાચોનાદિ પદ પુસ્તકમાં પાનું ૨૧-૩૦ માંથી બોલવું.

૧૩. <u>પંચપરમેષ્ટિનું કવચ (એક વ્યક્તિ બોલે) (૧ વાર)</u>

**નમો અરિહંતાણં** – હે અરિહંત ભગવાન! તમને અમે ખૂબ ભક્તિભાવથી વંદન કરીએ છીએ. અમારા મસ્તકનું રક્ષણ અમે આપને સોંપીએ છીએ. હે પ્રભુ! અમારા જ્ઞાન અને દર્શનનાં આવરણો ક્ષય કરવા અમને સાથ આપી, અમારા મન ઉપર અમને એવો સંયમ આપો કે અમે કોઈ અશુભ ભાવ કે અયોગ્ય વિચાર ન કરીએ.

**નમો સિદ્ધાણં** – હે સિધ્ધ ભગવાન! તમને અમે વંદન કરીએ છીએ. અમારા વદનનું રક્ષણ અમે આપને સોંપીએ છીએ. આંખ સહિત સર્વ ઇન્દ્રિયોની જાળવણી કરી તેની તેજસ્વિતા વધારો. હે પ્રભુ! આ તેજસ્વી ઇન્દ્રિયોનો ઉપયોગ અમે અમારા કર્મક્ષય માટે કરી, આપના જેવા પૂર્ણ શુદ્ધ થઈ શકીએ. કોઈ ઇન્દ્રિયજનિત સંસારી સુખ અમને આકર્ષે નહીં એવી અમારા પર કૃપા કરો.

**નમો આયરિયાણં** – હે આચાર્યજી ! તમને અમે વંદન કરીએ છીએ. અમારા છાતી, પેટ અને પીઠનું રક્ષણ અમે આપને સોંપીએ છીએ. હે પ્રભુ ! આપનાં જેવું ઉત્તમ ચારિત્ર પાળવાની શક્તિ અમને આપો કે જેથી અમારા અંતરાય અને મોહનીય કર્મનો ખૂબ ત્વરાથી ક્ષય થાય.

**નમો ઉવજ્ઝાયાણં** – હે ઉપાધ્યાયજી ! તમને અમે વંદન કરીએ છીએ. અમારા બંને બાહુનું રક્ષણ અમે આપને સોંપીએ છીએ. ઉત્તમ ધર્મરૂપી શસ્ત્ર અમારા હાથમાં આપી, કર્મ સાથે લડવા મજબૂત બનાવો.

**નમો લોએ સવ્વ સાહુણં** – હે જગતના સર્વ સાધુસાધ્વીજી ! તમને અમે વંદન કરીએ છીએ. અમારા બંને પગનું રક્ષણ અમે આપને સોંપીએ છીએ. ખૂબ ત્વરાથી અમે આ સંસારના મોહને ત્યાગી, આત્મમાર્ગે કર્મક્ષય માટે ચાલી શકીએ એવી અમારા પર તમે કૃપા કરો.

**એસો પંચ નુમુક્કારો** – આ પાંચ નમસ્કાર મંત્ર અમને આસન આપી સંસાર સમુદ્રમાં ડૂબતાં બચાવે છે.

**સવ્વ પાવ પણાસણો** – એ સર્વ પાપનો નાશ કરનાર છે. અમારા ફરતો મજબૂત કિલ્લો રચાય છે, જેને ભેદી કોઈ કર્મ આત્મા સુધી પહોંચી શકતા નથી.

**મંગલાણં ચ સવ્વેસિં** – નવકાર મંત્ર સર્વ પાપનો નાશ કરનાર છે. અમારા ફરતો એક મજબૂત કિલ્લો રચાય છે, જેને ભેદી કોઈ કર્મ આત્મા સુધી પહોંચી શકતા નથી.

**મંગલાણં ચ સવ્વેસિં** – નવકાર મંત્ર સર્વ વસ્તુમાં મંગલરૂપ છે. કિલ્લાને ફરતી આગઝરતી ખાઈની રચના કરે છે અને કર્મો આમાં બળી ભસ્મીભૂત થઈ જતાં આત્મા પર હુમલો કરવા અસમર્થ બને છે.

**પઢમં હવઈ મંગલમ** – પંચપરમેષ્ટિને કરેલા નમસ્કાર એ પ્રથમ મંગલ છે સર્વ મંગલોમાં ઉત્તમ છે. અમારા ઉપર એ છત્રછાયાની રચના કરે છે.

આ રીતે અમને આસન આપી, કિલ્લો ચણી, ખાઈ ખોદી અને ઉપર છત્રછાયાની રચના કરી અમારું સર્વ કર્મ સામે સર્વ દિશાથી રક્ષણ કરે છે.

(સામાયિક લીધી હોય તો પાળવી.)